Date = 27/09/2025
Gandhinagar Avruti
Page no - 04

# જુનાકોબા અને કોબા ગામ મેટ્રો સ્ટેશન રવિવારથી કાર્યરત થશે

ગાંધીનગર, શુક્રવાર

અમદાવાદ ગાંધીનગર મેટ્રો કોરિડોરમાં હાલમાં સચિવાલય અને ગિફ્ટ સિટી સુધી ટ્રેનની અવરજવર થઈ રહી છે. ત્યારે આ રૂટ ઉપર આવતા જુના કોબા અને કોબા ગામના આસપાસના વિસ્તારના લોકોને પણ સુવિધાનો લાભ મળી શકે તે માટે મેટ્રો સ્ટેશન બનાવવામાં આવ્યા છે. જેની કામગીરી પૂર્ણ થતા હવે મુસાફરો માટે શરૂ કરવામાં આવશે.

## અમદાવાદ ગાંધીનગર કોરીડોરમાં સચિવાલય, ગીફ્ટસીટી અને એપીએમસી સ્ટેશનનો લાભ મળશે

અમદાવાદ ગાંધીનગર વચ્ચે હાલમાં અવર-જવર કરતી મેટ્રો સચિવાલય અને ગિફ્ટ સિટીના રૂટ ઉપર અવર-જવર કરી રહી છે. ત્યારે રૂટ ઉપર આવતા જુના કોબા અને કોબા ગામના મેટ્રો સ્ટેશનનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. ત્યારે આ વિસ્તારના મુસાફરોને પણ સુવિધાનો લાભ મળી શકે તે માટે તારીખ ૨૮ સપ્ટેમ્બરના રોજ મેટ્રો સ્ટેશન કાર્યરત થશે. જુના કોબા અને કોબા ગામથી સચિવાલય, ગિફ્ટ સિટી અને એપીએમસી મેટ્રો સ્ટેશન તરફ જતી મેટ્રો ટ્રેનનો લાભ મળી શકશે. કોબા ગામ સ્ટેશન ઉપર સવારે ૮.૩૨ કલાકે સચિવાલય તરફની તથા ૮.૦૪ કલાકે એપીએમસી સ્ટેશન તરફ પ્રથમ ટ્રેન મળી શકશે. ૭ ૪૦ કલાકે ગિફ્ટ સિટી તરફ જવા માટે અને સાંજે ૭૪૫ કલાકે સચિવાલય તરફની છેલ્લી ટ્રેન મળી શકશે. તો ગિફ્ટસિટી સુધી તરફ જવા સાંજે ૬.૧૦ કલાકે અંતિમ ટ્રેન દોડશે. આમ રવિવારથી કોબા ગામ અને જુના કોબા આસપાસના વિસ્તારના રહીશોને મેટ્રોની સુવિધાનો લાભ મળી શકશે.